





આ પવિત્ર-લગ્ન નથી, એટલું તો ઇ યે સમજે છે!
છે સ્વાર્થનું ઘઘરણું, એટલું તો ઇ યે સમજે છે!
એટલું તો ઇ યે સમજે છે, - એક 'દિ નો સૂલતાન -
કે ઉથલાવી લ્યો ગાડાં, એટલું તો ઇ યે સમજે છે!!
(મુફ્તી નો સપાટો)

બે હાથે પગે,
કાશ્મીરમાં બંધાયો -
ડાહ્યો કાગડો!

સત્તા લાલચે,
દબાઇ ગયો હાથ
છીપર નીચે..




## ચિંતન

**અસંપાદયતઃ કશ્ચિદર્થં જાતિક્રિયા ગુણૈઃ । યદૃચ્છા શબ્દ વત્પુંસઃ સંજ્ઞાય જન્મ કેવલં ॥**

'પોતાની જાતિ, પોતાના કર્મ-પરાક્રમ-કૌશલ્યો, ગુણો-આવડત ને આધારે જે માણસ કોઇ પણ જાતનો, પ્રકારનો લાભ મેળવી શકતો નથી. તે, એવો માણસ ફક્ત આપોઆપ ગોઠવાઇ ગયેલા નિરર્થક 'નામ'ની જેમ સંજ્ઞા ખાતર જ - નામનો જીવ્યો - જન્મ્યો છે એમ જાણવું સમજવું.'

આજના સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને ખાસ પ્રકારના અભ્યાસક્રમોને કારણે ખાસ ટેકનીકલ જગ્યાઓ માટેની નોકરીની તકો વિકસી છે એમાં ઘણાં વર્ષોનો અભ્યાસક્રમ કે મોટી મોટી ડીગ્રીની જરૂર નથી રહેતી પણ ટેકનીકલ સાધના પર કૌશલ્ય કેળવવું જરૂરી હોય છે.

ઘણીવાર જાતિને પ્રાપ્ત કૌશલ્યો, પોતાની આવડત-બુદ્ધિ-કૌશલ્યથી પણ નોકરી મળતી હોય છે.

પરંતુ કેટલાક લોકો, સામાન્ય ડીગ્રીથી ગ્રેજ્યુએટ થઇ જાય અને જેમતેમ, જયાં-ત્યાં પસંદગી વિનાની ગમતી - ન ગમતી નોકરી પર ગોઠવાઇ જાય છે આવું જીવન જીવી જવાય છે ખરું પણ કોઇ રસ કે નવસર્જનનું કતૃત્વ રહેતું નથી. 'માત્ર નામનું' જન્મ્યા જીવ્યા અને ખાધુપીધું - વૃદ્ધ થયાં - ચાલી નીકળ્યા. જીવનભરમાં ન કોઇ પ્રાપ્તિ ન કોઇ નોંધનીય પ્રધાન એક 'નામ' જેવું નામનું 'જીવન' જીવવાનો શું અર્થ?

## સુવિચાર

- સંત બનવાની જીદ છોડી દે, આદમી થાવું એ જ ડહાપણ છે - **અઝીઝ ટંકારવી**
- હૃદયની આંખો વડે હંમેશા વધુ સારું દેખાય છે - **જનકલ્યાણ**
- જે માનવીના હૃદયમાં બાળપણ રમતું હશે તેને ઘરડાપણું કયારેય આવતું નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- હૈયામાં એનો પડઘો પડે તો જ મૂલ્ય છે.. અલ્લાહનો અવાજ મિનારે ન જોઇએ - **કુતુબ આઝાદ**
- આ જમાનામાં વિશ્વાસ મૂકવો હોય તો તમારા હાથની દસ આંગળીઓ પર મૂકો - **અઝીઝ પ્રેમજી**
- રાજય તેના નાગરિકોનું સેવક છે... શેઠ નહિં - **જહોન કેનેડી**
- જેને પોતાની પ્રવૃત્તિ કઇ છે તે જડી ગયું હોય છે એને બીજાનાં કામમાં ડખલ કરવાની, બીજાની નિંદા કરવાની ફૂરસદ હોતી જ નથી - **ઇશ્વર પેટલીકર**

- (સંકલન : દીપક વી. આસરા)

## બોધ કથા

આજ બધાને મહેનત વગર 'ટકા' પરિશ્રમ વિના સફળતા અને કોઇ પણ રીતે કીર્તિ પ્રાપ્ત કરી લેવી છે અને એ પ્રાપ્ત કરવા ગમે-તેવા ખોટા ખરાબ રસ્તા શોધવા પ્રયત્ન કરતા રહે છે. શ્રમ-શ્રદ્ધા-સાધના-તપ વિના કોઇ પણ કામમાં જરા સરખી પણ સફળતા નથી મળતી.

મુલ્લાં નસરૂદ્દીન પણ આપણા જેવા જ આળશુ અને વિના પ્રયત્નને બધું પ્રાપ્ત કરી લેવાની વેતરણમાં રહેતા. ધર્મને નામે ખોટાં નિવેદનો કરીને પણ કમાણી કરી લેતા.

એકવાર નસરદ્દીન બજારના ચોકમાં આવેલા ચૌટાના ઓટલે ચઢી માઇકમાં બોલવા લાગ્યા. 'ભાઇઓ-બહેનો! સાંભળો-સાંભળો, બોલો મહેનત વિના - ગમે તે ઉપાયે, જ્ઞાન, અને પ્રયત્ન પુરુષાર્થ વિના સિદ્ધિ તથા કોઇ કાર્ય - પરાક્રમ કર્યા વિના પ્રસિદ્ધિ કોને જોઇએ છે?!'

એકત્ર થયેલ મેદનીમાંના લોકો, લગભગ બધા જ બૂમો પાડવા લાગ્યા. મને, અમને મુલ્લાં, તમારી પાસે એવો કોઇ 'ઇલમ' હોય તો અમને જલદી કહો!'

પછી ફરી નસરૂદ્દીને પુછ્યું - ભાઇ તમારાં એવો કોઇ છે જેને પ્રયત્ન વિના આ બધું મળી ગયું હોય એકેય છે ખરો - હાથ ઊંચો કરી અહીં આવે...!

કોઇ જ નો'તું. કોઇ ન આવ્યું.

મુલ્લાં એ ફરી જાહેરાત કરી, દોસ્તો હું મુલ્લાંજી તરીકે તમને આ જ ઉપદેશ આપવા માગતો હતો કે શ્રમ-તપ-પુરુષાર્થ વિના કંઇ જ મળતું નથી.

Email - sureshchandrabhatt18@gmail.com

# યુ આર માય સોણિયા..!! તમે તો મારી જિંદગી બદલી નાંખી...!

**અમે અંબર નથી કે આંબવામા પણ પડે ફાંફા, અમે ધરતીના છોરું, હાથ દૈ હૈયે લગાવી દો!**
**અમે વિચાર પણ કયાં કોઇ ભારેખમ કરીએ છીએ, જરા હળવું કરી કોઇ સ્મિત ચહેરા પર સજાવી દો!**

સેન્ટ ઝેવિયર્સ શાળાની બારમા ધોરણના એક કલાસ ટીચરે એમના વિદ્યાર્થીઓને પરિક્ષાની હૉલ ટિકીટ આપવા બોલાવ્યા હતા. સૌને ચોકલેટ આપી મીણબત્તી પેટવી સફળતાની પ્રાર્થના કરી, અને પછી એમના વર્ગના દરેક વિદ્યાર્થીઓના શર્ટ પર બ્લ્યુ કલરની એક બૉ લગાડી, એ બૉ પર લખ્યું હતું **'Who you are, makes a difference.'** તારાં હોવાથી મારી જિંદગી બદલાઈ છે...

બધા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ તો મેસેજ વાંચીને ખુશ થઈ ગયાં. ''અરે, વાહ અમારા કારણે ટીચરની જિંદગીમાં ફેર પડ્યો છે.'' પણ પેલાં ટીચર તો આટલું કરીને અટક્યા નહીં. એણે દરેક વિદ્યાર્થીને બીજી ત્રણ બ્લ્યુ રિબીનની બૉ આપી અને કહ્યું કે, 'તમારી જિંદગીમાં જે વ્યક્તિનું મહત્ત્વ છે એને ધન્યવાદ આપો અને એનાં કપડાં પર પણ આ બ્લ્યુ રિબીનની બૉ લગાડો.'

એમાંથી એક વિદ્યાર્થી હર્ષદ બાજુમાં રહેતા પાડોશી ભાઈને ત્યાં પહોંચી ગયો. ''ધીરજભાઈ, થેંક્યુ, તમારા કારણે મારી જિંદગી બદલાઈ છે. એટલે આ બ્લ્યુ રિબીન તમને લગાડું છું.'' એમ કહી એણે એ રિબીન એમને લગાડી દીધી. આ ધીરજભાઈ એક પ્રાઈવેટ કંપનીમાં જુનિયર કર્મચારી હતા. તેમણે આ વિદ્યાર્થીને મફતમાં એકાઉન્ટ વિષય ભણાવેલો અને એટલે જ આ હર્ષદ એકાઉન્ટમાં વર્ગમાં અવ્વલ નંબરે હતો. હર્ષદે એની પાસેથી વધેલી બે બ્લ્યુ રિબીન એમને બતાવીને કહ્યું, 'અમે સ્કૂલનો એક પ્રોજેક્ટ કરીએ છીએ. તમારી જિંદગીમાં જે મહત્ત્વની વ્યક્તિ હોય એમને આ રિબીન લગાડવાની. તમે આ રિબીન કોઈને લગાડશો?'

ધીરજભાઈ તૈયાર થઈ ગયા. બીજા દિવસે એમણે એમના બોસને જઈને. **'Thank you, you made a difference in my life'** એવું કહીને બ્લ્યુ રિબીનનો બૉ લગાડી દીધી... બૉસ, ખુબ હોશિયાર હતાં, કંપની એમના કારણે ધમધોકાર ચાલતી હતી; પણ એ 'ખડુસ' તરીકે પ્રસિદ્ધ હતા. છતાંય એક કર્મચારીએ બૉ લગાડતાં એનાં આંખમાં તરત જ પાણી આવી ગયું. બૉસ બોલ્યાં, 'મારા કારણે તારી જિંદગીમાં બદલાવ આવ્યો છે?' હું તારા માટે આટલો મહત્ત્વનો છું. મને તો ખબર જ નહોતી. થેંક્યુ તો મારે તને કહેવું જોઈએ.'

ધીરજભાઈ બોલ્યા, 'આ વિચાર, કલ્પના મારી નથી. મારા પાડોશી છોકરાના સ્કૂલનો પ્રોજેક્ટ છે. જિંદગીમાં જે વ્યક્તિને કારણે તમારામાં બદલાવ આવ્યો હોય એને બ્લ્યુ રિબીન લગાડવાનો, અને એમને ધન્યવાદ આપવાનો. તમને ગમશે આવું કરવાનું?' કહીને એ સંકોચાઈને ઊભા રહી ગયા. બૉસ ખુશ થઈને બોલ્યા, 'હા, દોસ્ત મને જરૂર ગમશે. તારી પાસે એકાદી બૉ વધી છે?' કર્મચારીએ તરત જ વધેલી એક બૉ બોસને આપી દીધી...

બૉસ સાંજે ઘરે ગયા. એમણે એના છોકરાને બોલાવ્યો. છોકરાના શર્ટ પર બ્લ્યુ રિબીનની બૉ લગાડતા બોલ્યા, 'હું ઓફિસના કામને કારણે ઘરે મોડો આવું છું. ટેન્શનને કારણે તારા પર ખિજાઈ જાઉં છું. તારી સાથે પ્રેમથી વાત પણ નથી કરતો. મેં આજ સુધી તને આ વાત કરી નથી. પણ સાચું કહું તો તું મને ખુબ ગમે છે. તું ખરેખર ખુબ જ સારો છે. તું મારા માટે ખુબ મહત્ત્વનો છે. તારા કારણે જ મને મારી જિંદગી જીવવાનો અને જીતવાનો જુસ્સો મળે છે. **Who you are, makes a difference in my life.'**

હેલ્લો ફ્રેન્ડ્સ,

સકારાત્મક અભિગમનો સાક્ષાતકાર કરવા 'ગાંધીનગર સમાચાર' એનાં વાંચન વિશેષ વિભાગમાં સાહિત્યનો રસથાળ પીરસે છે. અને એવા એક ભાગ સમાન આલેખાયેલી યુવા હૈયાને સ્પર્શતી અને વિચારોનું વાવેતર કરતી કોલમ 'હેલ્લો ફ્રેન્ડ્સ' આજે સળંગ ત્રણ વર્ષ પુરા કરે છે. આજનો એનો સળંગ ૧૫૬મો હપ્તો છે...

વાંચકોના પ્રતિભાવ એ લેખકનું પ્રેરણાબળ છે. જયારે કોઇ વાત કોકને સ્પર્શે અને 'અરે, આ તો અમારી જ વાત', 'અંજુબેન વાળી વાર્તા સરસ હતી' કે 'લોકો શું કહેશે?' નો લેખ ગમ્યાના અભિનંદનથી આનંદીત થવાય છે. ભાવકોના પ્રતિભાવથી જ નવા વિષય અને મુદ્દા મળતા રહે છે. આવનારા વર્ષે હજુ વિશિષ્ટ કરવાના મનસુબા સાથે, જેમણે મને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પોંખ્યો છે એ સૌનો આભાર... તમારાં કોમેન્ટ્સ - કોમ્પ્લિમેન્ટ્સની અપેક્ષા સાથે.

**- સંજય થોરાત**




hellogandhinagar@gmail.com




બૉસનો દીકરો તો ચોધાર આંસુએ રડી પડ્યો. રડતાં રડતાં જ બોલ્યો, 'પપ્પા, મને કાયમ લાગતું કે હું તમને જરાય ગમતો નથી. હું તમને કયારેય ખુશ કરી નહીં શકું. આજે રાત્રે જ મેં આત્મહત્યા કરવાનો પ્લાન કર્યો હતો. આ જુઓ મેં તમારા અને મમ્મી માટે ચિઠ્ઠી પણ લખીને રાખી છે. પણ, તમે મને આ રિબીન બાંધીને મારી જિંદગી જ બચાવી લીધી પપ્પા.' બૉસે એના દીકરાને લખેલી ચિઠ્ઠી વાંચી. એણે એના દીકરાને છાંતી સરસો ચાંપી દીધો. બંને એકબીજાને ભેટીને અશ્રુ વહાવી રહ્યાં હતા... એક બ્લ્યુ રિબીનને કારણે આજે દીકરાને પપ્પા અને બાપને દીકરો મળ્યો હતો!

મમ્મી એ બાળકો પ્રત્યેનો પ્રેમ બહુ સરજતાથી વ્યક્ત કરી શકે છે. બાળકો પણ મમ્મી સાથે ખુલ્લાં મને વાત કરી શકતા હોય છે. મા ને એ જન્મજાત વરદાન હોય છે. કારણ સ્ત્રી એ થોડી ક્ષણોની પત્ની પણ અનંતકાળની માતા હોય છે. પણ પુરુષ એ ક્ષણોનો પિતા હોય છે, અને કાંઈ એટલે એનું મહત્ત્વ બાળકોની જિંદગીમાં કંઈ ઓછું નથી હોતું. કેટલાંય બાળકો એમના પિતાની નજરમાં શ્રેષ્ઠ સાબિત થવા જિંદગીભર પ્રયત્નશીલ હોય છે. પણ કેટલાક પિતાને એ વિશે કાંઈ બહુ લેવાદેવા હોતા નથી. બાળકો તરફ દુર્લક્ષ સેવીને પોતાનો નોકરી-ધંધો અને મોજમજામાં મગ્ન રહે છે.

કોઈ પણ પુરુષ લગ્ન બાદ બાળકનો પિતા તો બની જાય છે, પણ એને બાપ બનતા કયારેય નથી ફાવતું. બહુ ઓછા પુરુષો આ બંને રોલને સહજતાથી નિભાવી જાણે છે...

દરેકની જિંદગીમાં એકાદી વ્યક્તિ, પછી એ મા-બાપ-મિત્ર-પાડોશી-બૉસ કે શિક્ષક-ડૉકટર કોઈ પણ હોઈ શકે, મહત્વનું સ્થાન ધરાવતો હોય છે. આપણે જો આપણા પ્રેમને, લાગણીને એની સમક્ષ વ્યક્ત કરીએ તો જિંદગી નવા રંગરૂપે સજી જાય છે... એક વાર કોકને પ્રેમથી 'યુ આર માય સોણિયા' કહી, તમે જ મારી જિંદગી બદલી નાંખી એવું કહેવામાં શો વાંધો છે? પેલાં ટીચરે બ્લ્યુ રિબીનની બૉથી કેટલાંય વિદ્યાર્થી અને એના સંપર્કમાં આવેલા પરિચીતોની જિંદગી બદલી નાંખી. આપણે પણ આવું કંઈક કરવા જેવું ખરું, નહીં??

**ચૂંટલો :**

મોટાભાગે લોકો 'મારે શું?' અને 'મારું શું' ની વિચારસરણી પર જીવતા હોય છે. કયારેક કોઈકે કરેલી મદદ કે ઉપકારને બિરદાવી જુઓ, શક્ય છે એ વ્યક્તિની જિંદગી ખીલી ઊઠે છે, આટલું કરવામાં કયાં કોઈ ખર્ચો આવવાનો છે?

# રિયાટર્ડ થવાના પાંચ છ મહિના બાદ પત્ની સાથે છોડી ગઇ હતી, પુત્ર-પુત્રવધુ અને પ્રેમાળ પૌત્ર એ પત્ની-વિયોગના દુઃખને અકારું થવા દીધું ન હતું, પણ બે-ત્રણ વર્ષ પહેલાં કંઇક એવા બનવા બન્યા જેણે તેમને નિતાંત એકલા કરી દીધા હતા

**નવાં કલેવર**
**- નવટર હેડાઉ**

જે બન્યું હતું કે કયારેય ધાર્યું પણ ન હતું. તે એકદમ અચંબો પામી ગયા. પહેલાં તો એમને એ સમજાયું નહીં કે જોષી કોના જન્મદિવસની વાત કરે છે? જયારે જોષીએ હસતાં હસતાં કહેલું કે આજે બીજી ઓકટોબર છે અને તમે પણ આજના દિવસે જ આ દુનિયામાં પધાર્યા હતા. ત્યારે તેમને ખબર પડી કે તેમના જ 'બર્થ-ડે' નો ઉલ્લેખ થઈ રહ્યો છે. હવે તેમને પોતાને પોતાનો જન્મદિવસ કયાં યાદ રહે છે? દીકરીને એ તારીખ જરૂરથી યાદ રહી ગઈ છે અને થોડીવારમાં તેના તરફથી શુભેચ્છાનો ફોન આવવો જ જોઈએ. તે સિત્તેર તો કયારના વટાવી ગયા છે. કદાચ તોતેરમું ચાલી રહ્યું છે. જયારે એ સાઈઠના થયેલા ત્યારે પત્ની અને બાળકો તેમજ મિત્રોએ તેમનો 'બર્થ ડે' ધામધુમથી ઉજવેલો. હવે દીકરો-વહુ 'વિશ' પણ કરતાં નથી. એ તો કદાચ દિવસો ગણતાં હશે કે બાપુજીનું પ્રાણપખેરું કયારે ઊડે. જોષીને તેમનો જન્મ દિવસ સારો યાદ રહ્યો. તેમણે તો એમ જ એક દિવસ કહી દીધેલું કે 'મારો જન્મ દિવસ તો આખો દેશ ઉજવે છે. આખી દુનિયા આ તારીખને યાદ રાખે છે. ગાંધીજી અને શાસ્ત્રીજી ને બહાને મારો જન્મ દિવસ પણ ઉજવાઈ જાય છે. જોષી તેમનો ખાસ મિત્ર કે સંબંધી ન હતો. સંબંધ કે પરિચય ગણો તો એટલો કે ચારપાંચ રિયાયર્ડ માણસો મોર્નિંગ વોક કરતાં તેમાં જોષી એક હતો. તે છ સાત મહિના પહેલાં જ આ ભ્રમણ ગૃપમાં સામેલ થયો છે. કોઈ સરકારી વિભાગમાં એકાઉન્ટન્ટ હતો. રિટાયર્ડ થયા પછી બાજુની સોસાયટીમાં રહેવા આવ્યો છે. તેનું આખું નામ કોઈ જાણતું નથી. તેનું તો શું બીજા સાથીદારોના પણ આખા નામ ભાગ્યે જ કોઈને ખબર હશે. પટેલ, શ્રીમાળી, પુરાણી, સોલંકી સાહેબ જેવાં સંબોધનોથી કામ ચાલી જાય છે. જોષી બોલવામાં મીઠડી છે. રાજકીય ચર્ચાઓમાં પણ મગજ ગુમાવતો નથી તેથી બધાને એ ગમે છે. તે એમને બહુ આદર આપે છે. આમ પણ તેમનાં કરતાં આઠ દસ વરસ એ નાનો છે. પણ આશ્ચર્યની વાત એ છે કે એકલા જોષીને જ તેમનો જન્મ દિવસ યાદ રહ્યો. તેમનું મન પીગળવા લાગ્યું આંખો ભરાઈ આવી. આત્મીયતાનો હળવો સ્પર્શ તેમને આદ્ર કરી રહ્યો. તેમણે જાત પર જરા કાબુ મેળવ્યો તો તેમને સાંભળવા મળ્યું કે 'આજ તો બર્થડે ઉજવવો જ જોઈએ'. ત્રિવેદી 'સાહેબ હેપ્પી બર્થ ડે ટૂ યું.' તે અભિનંદન આપવા લાગ્યા એટલે પટેલ અડી પડ્યા એમ લુખ્ખેલુખ્ખા અભિનંદન ન ચાલે. સુકા શંખ ન વગાડો કંઈક ખાસ આયોજન થવું જોઈએ.

તે વિચારવા લાગ્યા કે ઘેર તો કોઈ આયોજન તો શું ચ્હા પાણી પાવાનું પણ શક્ય નથી. જો આ પાંચ છ જણાં ઘેર આવી ગયા તો વહુનું મગજ જશે. ઘડપણમાં પણ જંપતા નથી. પોતે ઓછા હતા તે આ ઠાલા કામ ધંધા વગરનાઓની ફોજ બોલાવી લાવ્યા. તે વિચારવા લાગ્યા કે પાર્કમાં જ કંઈક મીઠાઈ મંગાવી લઈએ. એ લોકોની વાત પણ રહી જશે. ત્યાં જોષીએ ફરી તેમને ચોંકાવી દીધા. તેણે કહ્યું કે આજે બધાએ મારું ઘર પાવન કરવાનું છે. ત્રિવેદી સાહેબનો જન્મ દિવસ ત્યાં જ ઉજવીશું. જયાં સુધીમાં એ જોષીના કથનનો અર્થ સમજે તે પહેલાં બધાએ તાળીઓ વગાડી સહમતી આપી દીધી. જોષીએ ઘરે પહોંચતા જ તેના બંગલાની આગળના નાનકડા બગીચામાંથી લઈ એક ગુલાબ ભેટ ધર્યું. ચ્હાની સાથે મીઠાઈ પણ ખવડાવેલી. તે ચ્હા પીતા હતા ત્યારે જ દીકરીનો ફોન આવેલો. તેને બુલંદ અવાજે તેમણે કહ્યું કે મારો જન્મ દિવસ ઊજવાઈ રહ્યો છે. આશ્ચર્યચક્તિ દીકરીએ પુછપરછ કરતાં તેમણે ચોખ્ખેચોખ્ખું કહી દીધું કે તેમનાં રોજના સાથી મિત્રોએ અનોખી રીતે તેમનો 'બર્થ ડે' ઉજવ્યો છે.

ઘરે પાછા ફરતા હતા ત્યારે એકલા એકલા ચાલતાં અતિતના પાના ઉથલાવતા ન હોવા છતાં પલટવાના શરૂ થઈ ગયા. કર્મકાંડી બ્રાહ્મણને ઘેર જન્મ. પિતા ગામના મંદિરની પુજા કરે. દરિદ્રતા કુટુંબને ચારે તરફથી ઘેરી વળી હોય તેમાં જન્મ દિવસ કયાંથી ઉજવાય. વળી ગામડામાં ઘણાંને તો પોતા જન્મદિવસની વાસ્તવિક તારીખ પણ ખબર ન હોય. ભણ્યા-ગણ્યા અને સરકારી નોકરી મળી ત્યારે તેમના તાબાના લોકો બીજી ઑકટોબર યાદ રાખવા લાગ્યા હતા. વળી એ પણ સારું હતું કે તેમની સાચી જન્મતિથિ અને હાઈસ્કૂલના પ્રમાણપત્રમાં લખેલ તારીખ એક જ હતી. જયાં સુધી તેમની પત્ની રહી ત્યાં સુધી સવારમાં દિવસ ઉગતાં જ તેમને જન્મ દિવસની શુભેચ્છાઓ મળી જતી. એક નો એક સપૂત પણ તે દિવસે શ્રદ્ધાપૂર્વક ચરણ સ્પર્શ કરતો. જયારે એ કમાવા લાગ્યો ત્યારે બીજી ઓકટોબરે હોટલમાં રાતે ડિનર કરાવવા લઈ જવા લાગ્યો હતો. રિયાટર્ડ થવાના પાંચ છ મહિના બાદ પત્ની સાથે છોડી ગઈ હતી. પુત્ર-પુત્રવધુ અને પ્રેમાળ પૌત્ર એ પત્ની-વિયોગના દુઃખને અકારું થવા દીધું ન હતું. પણ બે-ત્રણ વર્ષ પહેલાં કંઈક એવા બનવા બન્યા જેણે તેમને નિતાંત એકલા કરી દીધા હતા.

તે પોતાના પેન્શનની અડધી રકમ દીકરાને આપે છે. એક દિવસ દીકરાને વહુએ ખુબ જ વિનમ્રતાથી કહ્યું કે બાપુજી આપણી મારૂટી, ફંટી જૂની થઈ ગઈ છે. તે 'આઈ ટેન' ખરીદવા માંગે છે. પણ એટલા પૈસા કયાંથી લાવવા? તે સમજી ગયા કે દીકરો-વહુ તેમની પાસે નવી કારની અપેક્ષા રાખે છે. તેમને રાજીખુશીથી તેમની ઈચ્છા પુરી કરવી. એક વાર પૌત્ર ખુશામત કરીને 'બાઈક' માટે મોટી રકમ પડાવી ગયો. તે એવું માનતા હતા કે તેમનું જે કંઈ છે તે આ બાળકોનું જ છે. અને કુટુંબની ખુશીમાં તેમની ખુશી છે. પણ એક સાધારણ ઘટનામાં તેમનો મોહભંગ થઈ ગયો હતો. તેમને પોતાના પૌત્રને બીયરની દુકાને દોસ્તોની સાથે જશન મનાવતો જોઈ લીધો હતો. તેમને એમ લાગ્યું કે જો તેના પર લગામ નહીં આવે તો કિશોરાવસ્થામાં એ અવળે રસ્તે ચડી જશે. પૌત્ર તો તેમની વાત સાંભળતાં જ જેમ તેમ બોલવા લાગ્યો. તેમને એમ લાગ્યું કે એના મા-બાપ જ તેને સીધે રસ્તે લાવી શકશે. પણ પુત્રવધુને પોતાના પુત્ર તરફ આંગળી ચીંધાઈ એ બીલકુલ ન રૂચ્યું. તે એકદમ ગુસ્સે થઈ ગઈ. 'મારા એકના એક દીકરાને ધમકાવવાની તમારી હિંમત કેવી રીતે થઈ. હવે એ નાનું છોકરું નથી. પોતાનું સારું-ખોટું એ સારી રીતે સમજે છે. તેને હાઈ સોસાયટીમાં રહેવું હોય તો દારૂ-સિગારેટ તો પીએ. તમારી જેમ ધોતીપ્રસાદ કે દાળભાતીયો થઈને એ જિંદગીમાં શું કરી શકે? તે અવાક્ અને મૌન રહી વહુનું રૌદ્ર રૂપ જોતા રહ્યા. દીકરો તે સમયે તો કંઈ બોલ્યો નહીં. પણ પછીથી તેણે પણ પોતાની નારાજગી બતાવેલી. તે પછી જમીનના એક ટૂકડાએ એવી મોટી ખાઈ ખોદી કે જે આજ સુધી પુરાઈ નથી. દીકરા-વહુએ કાયમ માટે તેમનાથી મોં ફેરવી લીધું.'

તેમની દીકરી સાસરીયામાં સુખી હતી. તેનો પતિ સરકારી અધિકારી હતો. સારી એવી આવક હતી. પણ નસીબજોગે કંઈક એવું થયું કે કાર અકસ્માતમાં તેનો પતિ અપંગ થઈ ગયો. લાખોનો ખર્ચ થયો. પણ હાલી ચાલી શકવાને સમર્થ ન થયો. નોકરી છૂટી જતાં આર્થિક મુશ્કેલી પડવા લાગતાં બહેને ભાઈ પાસે મદદ માંગી. તેણે બહાનું કાઢેલું પણ ત્રિવેદી સાહેબે તેને યથાશક્તિ મદદ કરી. છતાં વધુ જરૂરિયાત ઊભી થતાં તેમણે પોતાનો ચારસોવારનો પ્લોટ વેચીને દીકરીનું દુઃખ દૂર કર્યું. આ પ્લોટને પોતાને નામે કરાવવા માટે દીકરાએ ઘણી વખત કહેલું. આ બાબતે ઘરમાં ઘણાં ઝઘડા થયા. દીકરા-વહુએ ખુબ સાચું-ખોટું સંભળાવ્યું. તેમને ખાવા-પીવાનું અલગ કરવાનું ફરમાન છુટ્યું. એ તો નસીબદાર કે મકાન તેમના નામે હતું. નહીંતર શ્રવણકુમાર તેમને ઘરવિહોણાં કરવામાં જરાય વિલંબ ન કરત. તે દિવસથી બાપના જીવવા કે મરવા સાથે તેને કોઈ સંબંધ ન રહ્યો. એ પરિસ્થિતિમાં બાપનો જન્મદિવસ યાદ રાખવા અને તેમને 'વીશ' કરવાની કોઈ ગુંજાઈશ હતી જ નહીં! હાં, લાઈટ-પાણીના ખર્ચ પેટે પેન્શનની અડધી રકમ લેવામાં દીકરાને કયારેય શરમ આવી નહોતી. તેમને પોતાના માટે એક નોકર રાખ્યો હતો.

તેમને હજુ એ વાતનું આશ્ચર્ય થતું હતું કે જોષીને તેમનો જન્મ દિવસ કેવી રીતે યાદ રહ્યો. અને તેને 'સેલિબ્રેટ' કરવાનો વિચાર તેને કઈ રીતે આવ્યો. તેમની વચ્ચે એવો ખાસ કોઈ સંબંધ પણ નહોતો. આત્મીયતાનો શ્રોત ઘરમાં સુકાઈ ગયો હતો પણ બહાર કોઈ સ્વાર્થ વિના હર્ષ અને ઉમંગ ઉભરાઈ આવ્યો હતો. અચાનક તેમના મનમાં એક વિચાર આવ્યો અને તેમને નિશ્ચય કર્યો કે હું મારો 'બર્થ ડે' મારી રીતે ઉજવીશ. તેમને નોકરને સાથે લીધો. અને બજારમાંથી મીઠાઈ-ફરસાણ અને ફળો લઈને શહેરમાં થોડા દિવસ પહેલાં જ બનેલા વૃદ્ધાશ્રમે એ જઈ પહોંચ્યા. ત્યાં વૃદ્ધ-વૃદ્ધાઓનું મોઢું મીઠું કરાવતાં તેમને કહેલું કે તમે બધા મને 'બર્થ ડે'ની શુભેચ્છા પાઠવો. ઘર-કુટુંબથી ઉપેક્ષા એક શ્વેતકેશી ભૂતપૂર્વ અધ્યાપક તેમની આ વાતથી એટલા ભાવ વિભોર થઈ ગયા કે મંત્રો બોલવા લાગ્યા. 'જીવમ શરદ્ઃ શતમ્' - સો વર્ષ સુધી દૃષ્ટિ સારી રહે. સો વર્ષ સુધી સારું સંભળાય અને સો વરસ સુધી તંદુરસ્તી સારી રહે.

# સંબંધની મધુરતા એટલે સમજ અને સમજણ

**ગુલમહોર**
**- દિનેશ દેસાઇ**

આજે સંબંધની મધુરતાની વાત કરીએ. ગઝલકાર મરીઝ નો એક શેર યાદ આવે, બે જણા દિલથી મળે તો એક મજલિસ છે - મરીઝ, દિલ વિના લાખો મળે એને સભા કહેતા નથી. જયારે બે વ્યક્તિ દિલથી મળે છે ત્યારે ભલે એ બે જ વ્યક્તિ હોય તેમ છતા એનું મહત્વ અનેકગણું વધી જાય છે. એથી ઉલટું જયારે દિલ વિના, સાવ ઉપરછલ્લા દેખાવ ખાતર એક-બે નહી પણ લાખો લોકો મળે તો પણ એનું કોઈ મહત્વ રહેતું નથી.

આજનો સમય દેખાવનો છે. શો-બિઝ બધાને ગમે છે. ભીતરની સુંદરતા વિશે કોઈ ઝાઝી ચિંતા કરતું નથી. બહારનો દેખાવ હોવો જોઈએ. ઠાઠ અને ભપકાથી એક વ્યક્તિ બીજી વ્યક્તિને આંજી દેવા સતત પ્રયાસરત હોય એ આજના સમયની કઠોર સચ્ચાઈ છે. સંબંધમાં મીઠાશ, મધુરતા કઈ રીતે લાવી શકાય? સંબંધની મધુરતા એટલે સમજ અને સમજણ.

દરેક સંબંધમાં સમજણનો અવકાશ જરુરી છે. એકમેકને સમજી શકે એવી વ્યક્તિ મળવી મુશ્કેલ છે. જો એકબીજાને સમજી શકે એવી વ્યક્તિ મળે તો બેડો પાર. દરેક વ્યક્તિને એમ જ લાગતું હોય કે પોતે તો ખોટા હોઈ શકે જ નહી. પોતાની વાત જ સાચી છે અને પોતાની વાત સામી વ્યક્તિએ અને સૌ સમૂહે માનવાની રહે. આ પ્રકારનું માનવાનો વ્યક્તિનો વ્યક્તિગત અભિગમ કદાચ સાચો પણ હોઈ શકે. કારણ કે દરેક સિક્કાની જે બાજુ તરફ તમે ઉભા હો એ બાજુ ખરી જ હોવાની. પરંતુ એ જ સિક્કાની બીજી બાજુ પણ હોય છે, હોઈ શકે છે, એવું વિચારવાની પણ જરુર હોય છે.

જયારે આપણે આપણી તરફના સિક્કાની બીજી તરફ પણ જઈને નિહાળીએ તો બીજું સત્ય પણ સામે આવે. સિક્કાની બેઉ તરફનું સત્ય જોવાની ઉદારતા જરુરી છે. કોઈ વ્યક્તિ પોતાની વાત ઉપર અડગ હોય તો ત્યાં સુધી કશું ખોટું પણ નથી. દરેક વ્યક્તિને પોતાની વાત પ્રસ્તુત કરવાનો મોકો મળવો જ જોઈએ. પરંતુ દરેક વ્યક્તિ પોતાની તરફનો સિક્કો અથવા પોતાનો મુસદો જ કહી શકે. ખરેખર સામી વ્યક્તિ પણ પોતાની તરફથી એટલે કે પોતાના તરફના સિક્કાની બાજુ પ્રમાણે સાચી જ હોવાની. આ સંજોગોમાં એક તરફનો મત ધરાવતી વ્યક્તિએ બીજી વ્યક્તિના સ્થાને હોય તેવી અનુભૂતિ સાથે પણ વિચારવું જોઈએ.

સંબંધમાં મધુરતા માટે સમજ અને સમજણ સાથે એકમેકના વિચારોને આદર આપવાનું પણ એટલું જ મહત્વ છે. આપણા વિચારો હંમેશા સામી વ્યક્તિ ઉપર લાદી શકાય નહી. જો તમારો વિચાર ઉમદા છે તો સામી વ્યક્તિનો વિચાર પણ ઉમદા હોવાનો અભિગમ કેળવીએ. મતભેદ હોઈ શકે પરંતુ એવા મતભેદ જો મનભેદ કરાવનારા હોય તો એનાથી દૂર રહેવું જોઈએ. મતભેદ ઉભા થવાના કારણમાં પણ સમજ અને સમજણ અગત્યનું પરિબળ છે.

**જો આપણે કોઈ પણ બાબતને હકારાત્મક રીતે જોવાનો અભિગમ કેળવ્યો હશે તો આપણને બધી જ બાબતો સારી જ લાગશે, પરંતુ જો આપણો અભિગમ કોઈ પણ બાબતને વાંકી નજરે, વક્ર દૃષ્ટિથી જોવાનો જ રહે તો એવી અવદશાનો તો કોઈ ઉપાય જ નથી**

સંબંધમાં ખાસ કરીને પતિ-પત્ની વચ્ચે સમજણનો પાયો દૃઢ હોય તો મુશ્કેલી પડતી નથી. એક દંપતીની વાત કરીએ. બેઉ વચ્ચે સાવ સામાન્ય વાતમાં મતભેદ અને અણબનાવ બનતા રહે. પરિસ્થિતિ એ હદે આગળ વધી કે એક જીવનસાથીની સાવ સાચી વાત પણ બીજા જીવનસાથીને ખોટી અને બદઈરાદાવાળી જ લાગે. ગુજરાતી કહેવત છે કે - જેવી દૃષ્ટિ, તેવી સૃષ્ટિ. જો આપણે કોઈ પણ બાબતને હકારાત્મક રીતે જોવાનો અભિગમ કેળવ્યો હશે તો આપણને બધી જ બાબતો સારી જ લાગશે. પરંતુ જો આપણો અભિગમ કોઈ પણ બાબતને વાંકી નજરે, વક્ર દૃષ્ટિથી જોવાનો જ રહે તો એવી અવદશાનો તો કોઈ ઉપાય જ નથી.

દરેક સંબંધમાં આથી જ સમજણનો પાયો મજબુત બને એ દિશામાં ભાર આપવામાં આવે છે. દરેક સંબંધમાં ગેરસમજણના કારણે જ તિરાડ પડતી હોય છે. ગેરસમજણના સરવાળા થતા જાય એમ એમ આવી તિરાડ મોટી અને પહોળી પણ થતી જાય છે. જયારે દોરાને અથવા દોરડાને બેઉ તરફથી જોર કરી કરીને ખેંચવામાં આવે તો એક સમય એવો આવે છે કે દોરો અથવા દોરડું બેઉ તરફથી તૂટી જતું હોય છે. આમ બેઉ તરફથી ખેંચનારના હાથમાં થોડાક રેસાઓ કે ટુકડાઓ સિવાય કશું જ બચતું નથી.

**સ્ટોપર : -**

સંબધની સુવાસ એટલે બે વ્યક્તિ વચ્ચેના સમજણના સેતુમાંથી વ્યક્ત થતું માધુર્ય.

**- ઓશો**